**સુરતના મહે.૬ઠ્ઠા એડી.જયુડી.મેજી.ફ.ક સાહેબશ્રીની કોર્ટમાં,મુ.સુરત**

**ક્રિમીનલ કેસ નં.– ૮૩૪૨૧/૨૦૨૩**

**આંક:– ૪**

## –: ચુકાદો :–

આ કામે આરોપી સામે ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્વારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. આ કામે આરોપીની ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબની પ્લી નોંધવામાં આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આપેલ. વધુમાં આરોપીએ અલગથી કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે. જે રેકર્ડ કરી સદર આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારતા માંગતા હોવાનું જણાવે છે. તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાનું જણાવે છે. આરોપીની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ધ્યાને લેતાં તથા ફરીયાદના ગુન્હાની જોગવાઈ ધ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ધ્યાને લેતાં સદર કેસમાં આરોપીને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

## –: હુકમ :–

આરોપી – **ઈકરામુદીન મકીનહશન અંસારી** ને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ મુજબ ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપી રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) ના દંડની સજા ફરમાવવામાં આવે છે, જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે .

આજ તારીખ ૦૯ મી, માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૩ ના રોજ સ્પે. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૯/૦૯/૨૦૨૩
સ્થળ : સુરત.

(કુ.એસ.એન ફાળકી)
૬ઠ્ઠા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક,સુરત
**CODE NO.001579**